## ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫

### અનુક્રમણિકા


| | | પાના નંબર |
|---|---|---|
| પ્રસ્તાવના. | | |
| કલમો. | | |
| | **પ્રકરણ ૧** | |
| | **પ્રારંભિક** | |
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. | ૧ |
| ૨. | વ્યાખ્યા. | ૧ |
| | **પ્રકરણ ૨** | |
| | **કોર્પોરેશનની સ્થાપના અને રચના** | |
| ૩. | કોર્પોરેશનની સ્થાપના અને સંસ્થાપન. | ૩ |
| ૪. | કોર્પોરેશનનું મુખ્ય મથક. | ૩ |
| ૫. | કોર્પોરેશનની રચના. | ૩ |
| ૬. | ડિરેક્ટરોના હોદ્દાની મુદ્દત અને તેઓની નિમણૂકની શરતો. | ૩ |
| ૭. | પ્રાસંગિક ખાલી જગાઓ ભરવા બાબત. | ૩ |
| ૮. | ડિરેક્ટરના હોદ્દા માટેની ગેરલાયકાતો. | ૪ |
| ૯. | ડિરેક્ટરે અમુક સંજોગોમાં ભાગ નહિ લેવા બાબત. | ૪ |
| ૧૦. | ડિરેક્ટરને હોદ્દા પરથી દૂર કરવા અને તેના રાજીનામા બાબત. | ૪ |
| ૧૧. | મેનેજિંગ ડિરેક્ટર. | ૪ |
| ૧૨. | કોર્પોરેશનના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ. | ૫ |
| ૧૩. | કોર્પોરેશનની બેઠકો. | |
| ૧૪. | કોઈ ખામી હોય તે છતાં, કાર્યો અને કાર્યવાહી કાયદેસર હોવાનું માની લેવા બાબત. | ૫ |
| ૧૫. | અમુક કેસોમાં ગેરલાયકાત ન હોવા બાબત. | ૫ |
| | **પ્રકરણ ૩** | |
| | **કોર્પોરેશનના કાર્યો અને સત્તા** | |
| ૧૬. | કોર્પોરેશનના કાર્યો અને સત્તા. | ૬ |
| | **પ્રકરણ ૪** | |
| | **નાણાં, હિસાબ અને ઓડિટ** | |
| ૧૭. | રાજ્ય સરકારે પ્રારંભિક મૂડીની જોગવાઈ કરવા બાબત. | ૭ |
| ૧૮. | કોર્પોરેશનનું ફંડ. | ૭ |
| ૧૯. | હિસાબો. | ૭ |
| ૨૦. | ઓડિટ. | ૭ |
| | **પ્રકરણ ૫** | |
| | **પ્રકીર્ણ** | |
| ૨૧. | સલાહકાર સમિતિ. | ૮ |
| ૨૨. | કોર્પોરેશનનાં લેણાં નીકળતાં નાણાં વસૂલ કરવા બાબત. | ૮ |
| ૨૩. | વિસર્જન. | ૯ |
| ૨૪. | કોર્પોરેશનનું વિસર્જન કરવાનાં પરિણામો. | ૯ |
| ૨૫. | શુધ્ધબુધ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. | ૯ |
| ૨૬. | ડિરેક્ટરોને ક્ષતિપૂર્તિ કરી આપવા બાબત. | ૯ |
| ૨૭. | વિનિયમો કરવાની કોર્પોરેશનની સત્તા. | ૯ |
| ૨૮. | નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા. | ૧૦ |

## સન ૧૯૮૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૦.[1]*

[ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ ]

[૧૨મી જુલાઈ, ૧૯૮૫]

સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૧થી સુધારેલો.

સન ૧૯૯૯ના ગુજરાત અધિનિયમ ૧થી સુધારેલો.

સન ૨૦૦૧ના ગુજરાત અધિનિયમ ૧થી સુધારેલો.

સન ૨૦૦૩ના ગુજરાત અધિનિયમ ૨૮થી સુધારેલો.

**ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓની ઉન્નતિ માટે કોર્પોરેશન સ્થાપવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.**

આથી ભારતના ગણરાજ્યના છત્રીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

### પ્રકરણ ૧

### પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫' કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,— વ્યાખ્યા.

(ક) "ખેતી"માં ડેરી ઉદ્યોગનો, મરઘા-બતકાં ઉછેરનો, પશુ સંવર્ધનનો, મત્સ્ય-ઉછેરનો, કોસેટા ઉછેરનો અને વન સંવર્ધનનો સમાવેશ થાય છે; અને "ખેતીવિષયક" એ સંજ્ઞાનો અર્થ તદ્નુસાર થશે;

(ખ) "અધ્યક્ષ" એટલે કોર્પોરેશનના અધ્યક્ષ;

(ગ) "કોર્પોરેશન" એટલે કલમ ૩ હેઠળ સ્થાપાયેલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન;

[2][(ઘ) "ડિરેક્ટર" એટલે કોર્પોરેશનના ડિરેક્ટર અને તેમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો સમાવેશ થાય છે;]

(ચ) "મેનેજિંગ ડિરેક્ટર" એટલે કલમ ૫ની પેટા-કલમ (૩) હેઠળ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમાયેલ ડિરેક્ટર;

---

૧. ઉદ્દેશો અને કારણો માટે જુઓ તા. ૨૧મી માર્ચ, ૧૯૮૫નું ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૫, પાના. ૬-૧૨ થી ૬-૧૩.
* આ અધિનિયમને સન ૧૯૮૫ના જુલાઈ મહિનાની ૧૦મી તારીખે રાજ્યપાલ દ્વારા અનુમતિ આપવામાં આવેલી.

૨. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૧ની કલમ ૩(૧)(ક) થી અસલ ખંડને બદલે, આ ખંડ (ઘ) મૂક્યો છે.

